# વન અવિઘ્ન પાર્ક ૭ પ્રતિષ્ઠિત ઍવોર્ડ્સથી નવાજીત

૧૦મી મે ૨૦૧૩ના રોજ અવિઘ્ન ઈન્ડિયાને કુઆલા લમ્પુર, મલેશિયામાં શાંગ્રીલા હોટલ ખાતે યોજાયેલ વર્જિન એટલાન્ટિક પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ્સ ખાતે ૭ પ્રતિષ્ઠિત ઍવોર્ડ્સ એનાયત થયા હતા. આ પ્રસંગે યોજાયેલ ભવ્ય સમારંભમાં તમામ સંબંધિત ક્ષેત્રો - ડેવલપમેન્ટ, આર્કિટેક્ચર અને ઈન્ટિરિયર ડિઝાઈનમાં ટોચની પેઢીઓએ હાજરી આપી હતી. ધોરણની ગુણવત્તા જાળવવા નિર્ણાયક પેનલમાં રિચાર્ડ કોટન (RICS - UAEના ભૂતપૂર્વ અધ્યક્ષ) સ્યુ ટિમ્ની (બ્રિટીશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનના પ્રમુખ) અને થિજસ સ્ટોફર (ઈન્ટરનેશનલ કન્સાર્ટિયમ ઓફ રિયલ એસ્ટેટ એસોસિયેશન્સના CEO) સહિત ટોચના ઉદ્યોગપતિઓ સમાવિષ્ટ હતા.

લોઅર પરેલમાં જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે તે વન અવિઘ્ન પાર્કને "બેસ્ટ રેસિડેન્શિયલ હાઈ-રાઈઝ ડેવલપમેન્ટ" અને "બેસ્ટ હાઈ-રાઈઝ આર્કિટેક્ચર" એવોર્ડ એનાયત થયો હતો. સ્પર્ધા ઓસ્ટ્રેલિયા, ન્યુ ઝીલેન્ડ, ચાઈના, સિંગાપોર અને મલેશિયા સહિત ૨૩ દેશોમાંથી ડેવલપર્સ વચ્ચે હતી. આ ડેવલપમેન્ટને ભારતમાં "બેસ્ટ ઈન્ટિરિયર ડિઝાઈન એપાર્ટમેન્ટ", "બેસ્ટ રિનોવેશન/રિડેવલપમેન્ટ", "બેસ્ટ રેસિડેન્શિયલ હાઈ-રાઈઝ ડેવલપમેન્ટ", "બેસ્ટ હાઈ-રાઈઝ આર્કિટેક્ચર" અને "બેસ્ટ લેન્ડ સ્કેપ આર્કિટેક્ચર"ના એવોર્ડ પણ મળ્યા હતા.

અવિઘ્ન ઈન્ડિયા લિ. દ્વારા સીમાચિહ્નરૂપ ડેવલપમેન્ટ્સ દ્વારા રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં જોરદાર પ્રવેશ કરવામાં આવ્યો છે. વન અવિઘ્ન વિશ્વમાં શ્રેષ્ઠ એવું રહેણાંક ટાવર બનવા પામ્યું છે. આ ડેવલપમેન્ટ દ્વારા એક નવો જ અભિગમ અપનાવવામાં આવ્યો છે - વૈભવને વાસ્તવિક બનાવવાનો. અનેક પગલાં લઈને વૈભવ બોજો નહિ બને તેવી ખાતરી કરવામાં આવી છે. જેમ કે વોટર રિસાઈક્લિંગ, કુદરતી પ્રકાશ અને વેન્ટિલેશન ઉપરાંત તે એક ક્લસ્ટર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ છે જેનાથી મિલકત વેરો પણ ઓછો રહેશે.

નિર્માણની ગુણવત્તામાં કોઈ કચાશ નથી રાખવામાં આવી. અવિઘ્ન ઈન્ડિયાએ એ મોટા ભાગના સામાન યુરોપ અને અમેરિકામાંથી આયાત કર્યા છે તેમજ મીકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ કામ પણ અવ્વલ દરજ્જાનું છે. UAEની પેઢીના આ કાર્યો કોન્ટ્રાક્ટ સોંપીને આંતરરાષ્ટ્રીય ધોરણો જાળવવામાં આવ્યાં છે.

અવિઘ્ન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી નિશાન્ત અગરવાલ જણાવે છે કે અવિઘ્ન મુંબઈ, લોઅર પરેલના હાર્દમાં સ્થિત છે, જેથી બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ અને નરીમન પોઈન્ટથી પણ લોકો સરળતાથી અવરજવર કરી શકશે. અહીં વિશ્વકક્ષાના ક્લબ હાઉસની પણ જોગવાઈ કરવામાં આવી છે.